ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૫ કેસ

**દહેગામમાં વધુ ૧ આરોગ્યકર્મી સંક્રમિત થયો : કલોલમાં બે, માણસામાં બે કેસ મળી આવ્યા : ૧ મહિલા દર્દીનું સારવાર દરમ્યાન મોત : મૃત્યુઆંક જિલ્લાનો ૮ થયો**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી કોરોનાના ૫ કેસ પોઝીટીવ મળી આવતાં તંત્રએ તેની કામગીરીને વધુ સઘન બનાવી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોની સંખ્યાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. જો કે તંત્રએ ક્વોરોન્ટાઈનના અમલને પણ સઘન બનાવવાનો નિર્ણય કર્યો છે.

આજે નોંધાયેલા કેસોમાં દહેગામ તાલુકાનો વધુ એક આરોગ્ય કર્મયોગી સંક્રમિત થયો હોવાનું બહાર આવવા પામ્યુ છે. આ કર્મયોગી મલ્ટીપરપઝ હેલ્થ વર્કર કેડરમાં ફરજો બજાવે છે. બહિયલ કેન્દ્રમાં તે ફરજ બજાવી રહ્યો છે.

આ કર્મયોગીનું વતન સાબરકાંઠા જિલ્લો હોવાનું જાણવા મળેલ છે. તંત્ર દ્વારા આનુસંગિક કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

આ ઉપરાંત માણસા તાલુકામાં આજે વધુ બે કેસ નોંધાયા છે. આ બન્ને કેસ માણસા તાલુકાના આજોલ ગામે નોંધાયા છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોનાની સારવાર દરમ્યાન આજે બે દર્દીના મોત નીપજ્યા છે. જોકે જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા એક મોત થયાનું સ્વીકારવામાં આવ્યુ છે. જ્યારે બીજા મોત અંગેની વહીવટીય કાર્યવાહી હાલ ચાલુ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

મળતી વિગતો પ્રમાણે નાંદોલની એક ૮૫ વર્ષીય મહિલાનું આજે સારવાર દરમ્યાન મૃત્યુ થયુ છે. આ મહિલા કોરોના ઉપરાંત હાઈબીપીની પણ બિમારી ધરાવતી હોવાનું જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લા આરોગ્યતંત્રએ જણાવ્યું છે કે જિલ્લામાં કોરોનાની સારવાર દરમ્યાન આજ સુધીમાં ૮ના મોત થયા છે. જેમાં ૩ મહિલા દર્દી અને પાંચ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

બિનસત્તાવાર સૂત્રોના જણાવ્યાનુસાર કુડાસણમાં નોંધાયેલ એક પુરૂષ દર્દીનું આજે સારવાર દરમ્યાન મોત થયું છે.

જિલ્લામાં જે ૮ મોત થયા છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૪, દહેગામ અને કલોલ તાલુકાના બે-બે દર્દીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે સગર્ભા થયેલ મહિલાને પ્રથમ પ્રસુતિ હોવાથી તેના પતિ સાથે આ મહિલા ગામમાં આવી હતી. સગર્ભા હોવાથી પતિ-પત્નીના બન્ને સેમ્પલો તંત્ર દ્વારા લેવામાં આવ્યા હતા. આ બન્ને દર્દીઓનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્ર દ્વારા પરિવારના અન્ય લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત કલોલ અર્બન વિસ્તારમાં પણ આજે વધુ બે કેસ નોંધાયા હતા. આજે નોંધાયેલ બે કેસમાં એક ૬૦ વર્ષીય વૃદ્ધા છે. જે મહેન્દ્ર મીલની ચાલીમાં રહે છે.

આ ઉપરાંત બીજો એક કેસ પંચવટી વિસ્તારની સોસાયટીમાં નોંધાયો છે. બન્ને દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા છે.

આ બન્ને દર્દીઓના નિવાસસ્થાનની આસપાસના રહીશોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા આરોગ્યતંત્રની યાદીમાં જણાવાયા મુજબ ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૨૩૪૭ વ્યક્તીઓ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી ૫૨ દર્દી રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આજે નવ દર્દીઓને રજા આપવામાં આવી હોવાનું પણ આ યાદીમાં જણાવાયું છે.

## જિલ્લામાં કોરોનાના કેસો ૧૯૦ થયા : જયંતિ રવિ

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૧૦ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૯૦ થઈ છે તેમ આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિએ જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે જિલ્લામાં આજ સુધી ૭ વ્યક્તિના કોરોનાની સારવાર દરમ્યાન મોત થયાં છે.

૭૨ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જ્યારે જિલ્લામાં હાલ ૧૧૧ દર્દીઓ એક્ટીવ દર્દી તરીકે નોંધાયેલા છે.

આજે વધુ ૪ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે જેમાં ૨ પુરૂષ અને ૨ મહિલા દર્દી હોવાનું પણ તેમણે જણાવ્યુ હતુ.

## શહેરમાં વધુ ૪ કેસ

**સે. ૩-એ માંથી બે, સે. ૬-બી માંથી એક ઈજનેર અને સે. ૨૧ માંથી એક કેસ મળ્યો : શહેરમાં કુલ કેસ ૭૨**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૪ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા દર્દીઓની સંખ્યા ૭૨ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં નોંધાયેલા આજના ચાર કેસમાં એક ૬૦ વર્ષીય વૃદ્ધા સહિત ૩ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

આજે જે કેસ નોંધાયા છે તેમાં સે. ૩-એ માં બે, સે. ૨૧ની છ ટાઈપમાં એક અને એક કેસ ૬-બી માં નોંધાયો છે. આ ચારેય દર્દીઓના નિવાસસ્થાનને સેનીટાઈઝેશન કરવાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત આ વિસ્તારોમાં કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

તંત્ર દ્વારા આ ત્રણેય સેક્ટરોમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સઘન બનાવવા માટેની પણ તાકીદ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૩-એ માં જે બે કેસ મળી આવ્યા છે તે પરિવાર એકલો રહેતો હતો. બન્ને વૃદ્ધ છે. તેમના જમાઈને કોરોના થયેલ જેઓ તે પહેલા મળવા આવેલ જેથી ચેપ લાગેલ છે. આ જમાઈની સાથે મળવા આવેલ ૩ વ્યક્તીઓને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

આ પરિવારના બન્ને સભ્યોને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

આ ઉપરાંત અમદાવાદ મનપામાં નોકરી કરતો અને ગાંધીનગરના સે. ૨૧ના છ ટાઈપમાં રહેતા એક યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવક તેની પત્ની સાથે જ અહિ રહેતો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાંથી ૧૫૦૦ થી વધુ શ્રમિકોને વતન મોકલવામાં આવ્યા

**શ્રમિકોનું સ્ક્રીનીંગ કરી સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે બસમાં સાબરમતી રેલવેસ્ટેશન લઈ જવાયા હતા**

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લામાંથી આજે પંદરસો કરતાં પણ વધુ શ્રમિકોને તેમના વતન ટ્રેઈન મારફતે રવાના કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ઉત્તરપ્રદેશ ખાતે એક હજારથી વધુ પ્રવાસીઓને તો ૫૦૦ જેટલા શ્રમિકો જે બંગાળના હોવાથી તેમને પણ આજે ટ્રેઈન દ્વારા રવાના કરવામાં આવ્યા છે.

આ શ્રમિકોનું સ્ક્રીનીંગ કરી સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે બસમાં સાબરમતી રેલવેસ્ટેશન લઈ જવાયા હતા અને બપોર બાદ આ શ્રમિકોને ટ્રેનમાં બેસાડી અને રવાના કરવામાં આવ્યા હતા.

જિલ્લાતંત્ર દ્વારા અત્યાર સુધી ૮ જેટલી ટ્રેનોમાં આ શ્રમિકોને તેમના વતન મોકલવામાં આવ્યા છે.



પવનથી ટેન્ટ તૂટ્યો : કોરોના સંક્રમણને અટકાવવા શહેરના પ્રવેશ દ્વારો પર પોલીસ માટે ઉભા કરાયેલા ટેન્ટને આજે ભારે પવનની અસર થઈ હતી... કાળઝાળ ગરમીથી બચવા પોલીસ માટે આ ટેન્ટ આશીર્વાદરૂપ હતો ત્યારે પવનથી તૂટેલા ટેન્ટથી તકલીફ પડતી હતી. જો કે પોલીસ કર્મચારીઓએ વૈકલ્પિક રીતે ઝાડનો છાંયડો શોધીને પોતાની ફરજ દિવસ દરમિયાન નિભાવી હતી...

## ગાંધીનગરને ગાર્બેજ ફ્રી સીટીમાં થ્રી સ્ટાર રેન્કીંગ પ્રાપ્ત થયું : મેયર

ગાંધીનગર, તા.૧૯

ભારત સરકાર આયોજિત ગાર્બેજ ફ્રી રેન્કીંગ સ્પર્ધામાં ગાંધીનગર મનપાને થ્રી સ્ટાર રેન્કીંગ પ્રાપ્ત થયું છે.

મેયર રીટાબેન પટેલે આજે આ વિગતો સોશ્યલ મિડિયાના માધ્યમથી જાહેર કરતાં જણાવ્યું છે કે આ માટે સમગ્ર વહીવટી તંત્ર, સફાઈ કર્મયોગીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ તેમજ કાઉન્સીલરોને ખુબ ખુબ અભિનંદન. ગાંધીનગર મનપામાં સ્વચ્છતા અભિયાનમાં સહયોગ આપવા માટે જનતા પણ એટલી જ અભિનંદનની અધિકારી છે અને આગમી દિવસોમાં ફાઈવ સ્ટાર રેન્કીંગ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ સાથે આશા રાખું છું.

જો કે ગાંધીનગર શહેરને ફાઈવસ્ટાર રેન્કીંગ માટે નોમિનેટ કરવામાં આવ્યું હતું પણ થ્રી સ્ટારના રેન્કીંગથી જ સંતોષ માનવો પડયો હોવાનો ગણગણાટ પણ મનપાની ગલિયારીઓમાં સાંભળવા મળ્યો હતો તેમજ રાજકીય વર્તુળોમાં પણ છાને ખુણે આ અંગેની ચર્ચાઓ સાંભળવા મળી હતી.

# ગાંધીનગર ૫૫ દિવસ બાદ ધબકતુ થયુ

**બજારમાં રોનક જોવા મળી : સેક્ટરોના શોપિંગ બજારો ખુલ્યા : ખાણીપીણી બજાર - હોટલ રેસ્ટોરન્ટ સિવાયની મોટાભાગની તમામ દુકાનો ખુલી : શોપિંગ બજારોમાં વિશેષ અવરજવર : વેપારીઓમાં ખુશી : પાન મસાલાની દુકોનો સ્ટોકના અભાવે બંધ રહી માવાના રસિયાઓ નિરાશ થઇ પાછા ફર્યા**







ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર શહેરમાં આજે ૫૫ દિવસના અંતે નવો પ્રાણ પુરાયો હતો. લાંબા સમયથી સુનકાર ભાસતા શહેરમાં આજે અનોખી રોનક જોવા મળી હતી. શહેરના માર્ગો પર અગાઉના દિવસોની જેમ ટ્રાફિક ધમધમતો થયો હતો. જયારે સેકટરોના શોપિંગ બજારોમાં પણ રોનક જોવા મળી હતી. સવારથી જ શોપિંગ સેન્ટરોમાં દુકાનો ખુલતા વેપાર ધંધા પુન : ધમધમતા થયા હતા. વેપારીઓમાં પણ ખુશીની લહેર જોવા મળી હતી. જો કે બપોર થતા ભીડ સામાન્ય થઈ ગઈ હતી. મોટાભાગની દુકાનો પર સોશિયલ ડીસ્ટન્સીંગનુ પાલન થતુ જોવા મળ્યુ હતુ. વેપારીઓ તેમજ નાગરિકોમાં પણ કોરોના સામેની આ લડતને તેજ બનાવવા માટે જાગૃતિ જોવા મળી હતી. નાગરિકો પણ હવે કોરોનાની મહામારી સાથે જીવન સરળ બને તે દિશામાં પ્રયત્નશીલ બની રહ્યા છે. બે મહીનાના અંતે મોટાભાગની દુકાનો ખુલતા સાફ સફાઈ અને માલની ચકાસણીમાં જ વેપારીઓનો આજનો દિવસ પુરો થઈ ગયો હતો. લાંબા સમયથી કામ ધંધા બંધ હોવાથી સ્ટોકના અભાવે ગ્રાહકોએ હાલાકી વેઠવી પડી હતી.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ૫૫ દિવસના લોકડાઉનના અંતે આજે નગરનુ જનજીવન ધબકતુ થયુ હતુ. રાજયમાં વેપાર ધંધા માટે છુટછાટ અપાતા ગાંધીનગરમાં પણ આજે હોટલ રેસ્ટોરન્ટો સિવાય મોટાભાગના તમામ નાની મોટી દુકાનો ખુલી ગઈ હતી. જયારે પાન મસાલાની દુકાનો પણ ખુલ્લી રાખવા માટે સરકારે છુટ આપતા ગઈકાલ રાતથી જ માવાના રસિયાઓ ગેલમાં આવી ગયા હતા પરંતુ આજે સવારથી સાંજ સુધી શહેરમાં મોટાભાગની પાન મસાલાની દુકાનો બંધ રહેતા તેમની આશા પર પાણી ફરી વળ્યુ હતુ. બીજીતરફ નગરના અન્ય શોપિંગ બજારોમાં પણ દરેક વેપારી પાસે પુરતો સ્ટોક ન હતો. જેના લીધે ઘણીબધી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પણ મળી ન હતી. કરિયાણાની દુકાનો થી માંડી પાન માવાની દુકાનોમાં ઘણાં ઠેકાણે માલ ન હતો. છેલ્લા બે મહીનાથી લોકડાઉન હોવાથી દુકાનો પણ બંધ રહેતી હોવાથી કરિયાણા સિવાય અન્ય રેડીમેડ ગાર્મેન્ટ , શુ શોપ્સ સહીતની દુકાનોમાં પણ ઘરાકી જોવા મળી હતી. બીજીતરફ નગરમાં કાર તેમજ સ્કુટર મિકેનીકના ગેરજમાં પણ ભીડ રહી હતી. શહેરમાં લોકડાઉનના લાંબા સમયગાળા બાદ આજે નગરના માર્ગો સહીત સેકટરોના શોપિંગ બજારોમાં રોનક જોવા મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં માલના અભાવે પાન પાર્લરો બંધ બીજીતરફ બ્લેક માર્કેટીંગ થતુ હોવાનો આક્રોશ

ગાંધીનગરમાં છેલ્લા ૫૫ દિવસના લોકડાઉન દરમિયાન મોટાભાગની દુકાનો બંધ રહી હતી. કરિયાણા ,દુધ અને દવા સહીત શાકભાજી અને ફ્રુટનો વેપાર ધંધો ચાલુ હતો. અલબત્ત આવશ્યક ચીજવસ્તુઓ જ મળતી હતી જયારે લોકડાઉન ફોરના અમલના ભાગરૂપે સરકારે વેપાર ધંધામાં મોટી છુટછાટ આપી છે. જેમાં પાન મસાલાની દુકાનો પણ ખુલ્લી રાખવા માટે સરકારે મંજુરી આપી છે. પરંતુ આજે ગાંધીનગરના તમામ સેકટરોમાં પાન મસાલાની મોટાભાગની દુકાનો બંધ હતી. પાન માવાના રસિયાઓ પાન પાર્લર તરફ આંટા મારી નિરાશ થઈને પરત થતા જોવા મળ્યા હતા. સોપારી તમાકુનુ હોલસેલમાં વેચાણ કરતી દુકાનો પણ ખુલી ન હતી જેના લીધે નાના વેપારીઓ પાસે માલ ન હતો જેથી

● અનુસંધાન પાન-૭ પર

## ગુજકેટની પરીક્ષા ૩૦ જુલાઈએ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ જે ૩૧ માર્ચ-૨૦૨૦ના રોજ યોજાનાર હતી જે કોરોના વાયરસના સંક્રમણના પગલે મુલત્વી રખાઈ હતી તે હવે ૩૦ જુલાઈ ૨૦૨૦ને ગુરૂવારે રોજ યોજાશે.

# આજથી રાજયમાં પાંચ ઝોનમાં એસટી સેવા આરંભાશે

**ગાંધીનગર શહેરથી અમદાવાદ વચ્ચે સચિવાલય સહિતની તમામ બસ સેવાઓ બંધ રહેશે : માસ્ક પહેરેલા મુસાફરોને જ પ્રવેશ અપાશે**

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતુ કે, કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ લૉકડાઉન-૪માં નાગરિકો માટેની કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં નિયમોને આધિન વિવિધ છૂટછાટો આપવામાં આવી છે. જેના ભાગરૂપે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા રાજયમાં આવતીકાલ તા.૨૦મી મેથી સંપૂર્ણ સોશિયલ ડિસ્ટન્સ સાથે રાજયના પાંચ ઝોનમાં સવારના ૮ થી સાંજના ૬ કલાક સુધી નાગરિકોને પરિવહન સેવાઓ પૂરી પાડવામાં આવનાર છે.

રાજયભરમાં ૧૧૪૫ શીડ્યુલ અને ૭૦૩૩ ટ્રીપથી એસ.ટી. બસોનું સંચાલન કરવામાં આવશે. જેમાં કોઈ પણ રૂટ કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાંથી પસાર થશે નહિ.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, મુસાફરો ઈ-ટીકીટ અથવા મોબાઈલ ટીકીટ મારફતે મુસાફરી કરે તે ઈચ્છનીય છે. તેમ છતાં સામાન્ય મુસાફરોને અગવડતા ન પડે તે માટે સોશિયલ ડીસન્ટસીંગનું પાલન થાય તે રીતે બસ સ્ટેન્ડ પરના કાઉન્ટર પરથી તેમજ બસમાં કંડકટર મારફતે રોકડ નાણાથી પણ ટીકીટ આપવામાં આવશે. મુસાફરે બસ ઉપડતા પહેલાં ઓછામાં ઓછા ૩૦ મિનીટ પહેલા બસ સ્ટેન્ડ પર પહોંચવાનું રહેશે. બસની ક્ષમતાના ૬૦ ટકા મુસાફરો સાથે સંચાલન કરવામાં આવશે. દરેક બસ ટ્રીપ પૂર્ણ થયેથી સેનેટાઈઝ કરી અને બીજી ટ્રીપમાં ઓપરેટ થશે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com